6. सर्वं चारुतरं वसन्ते

[મહાકવિ કાલિદાસ સંસ્કૃતના અને સમગ્ર વિશ્વના સુપ્રસિદ્ધ કવિ છે. તેમણે કુલ સાત કૃતિઓ રચી છે જેમાં માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશીય અને અભિજ્ઞાનશાકુન્તલ એ ત્રણ નાટકો, રઘુવંશ અને કુમારસંભવ એ બે મહાકાવ્યો અને ઋતુસંહાર તથા મેઘદૂત એ બે ખંડકાવ્યોનો સમાવેશ થાય છે.

મહારાજા વિક્રમાદિત્યની રાજસભાનાં નવ રત્નોમાં કાલિદાસ પણ એક હતા એવી માન્યતા છે. આના આધારે કાલિદાસનો સ્થિતિકાળ વિક્રમની પહેલી શતાબ્દી (એટલે કે આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાંનો) માનવામાં આવે છે.

આ મહાકવિ પ્રકૃતિના અને ઉપમાના કવિ તરીકે સુપ્રસિદ્ધિ પામ્યા છે. એક બાજુ અભિજ્ઞાનશાકુન્તલ નાટકમાં તેમણે પ્રકૃતિગત અનેક પદાર્થોને પાત્ર બનાવ્યાં છે, તો બીજી બાજુ મેઘદૂત અને ઋતુસંહારમાં આબેહૂબ બેનમૂન પ્રકૃતિવર્ણન કર્યું છે.

પ્રસ્તુત પાઠમાં ઋતુસંહારમાંથી વસંતનું વર્ણન કરનારાં પાંચ પદ્યોનો અભ્યાસ કરીશું. આમાંથી આપણે કોઈ વસ્તુનું વર્ણન કેવી રીતે થઈ શકે, એ વાત શીખવાની સાથે સાથે તત્પુરુષ સમાસના કેટલાક પ્રયોગોનો પણ અભ્યાસ કરવાનો છે.]

द्रुमाः सपुष्पाः सलिलं सपद्मं
स्त्रियः सकामाः पवनः सुगन्धिः ।
सुखाः प्रदोषा दिवसाश्च रम्याः
सर्वं प्रिये चारुतरं वसन्ते ॥1॥

वापीजलानां मणिमेखलानां
शशाङ्कभासां प्रमदाजनानाम् ।
आम्रद्रुमाणां कुसुमानतानां
ददाति सौभाग्यमयं वसन्तः ॥2॥

कर्णेषु योग्यं नवकर्णिकारं
चलेषु नीलेष्वलकेष्वशोकम् ।
शिखासु पुष्पं नवमल्लिकायाः
प्रयान्ति कान्तिं प्रमदाजनानाम् ॥3॥

गुरूणि वासांसि विहाय तूर्णं
तनूनि लाक्षारसरञ्जितानि ।
सुगन्धिकालागुरुधूपितानि
धत्ते जनः काममदालसाङ्गः ॥4॥

किं किंशुकैः शुकमुखच्छविभिर्न भिन्नं
किं कर्णिकारकुसुमैर्न हतं मनोजैः ।
यत्कोकिलः पुनरयं मधुरैर्वचोभिः
यूनां मनः सुवदनानिहितं निहन्ति ॥5॥

– ऋतुसंहारे

ટિપ્પણી

નામ (પુંલ્લિંગ) : द्रुमः વૃક્ષ, ઝાડ **प्रदोषः** રાત્રિ, રાત્રિનો પ્રારંભિક કાળ **प्रमदाजनः** સ્ત્રીઓ, મહિલાઓ **आम्रद्रुमः** આંબાનું ઝાડ

(નપુંસકલિંગ) : सलिलम् પાણી **किंशुकम्** કેસૂડાનું ફૂલ

सर्वनाम : सर्वम् બધું

विशेषण : चारुतर અતિશય સુંદર, વધુ સુંદર, ઘણું મજાનું **चल** ફરફરતું, ચાલતું **गुरु** મોટું, જાડું

अव्यय : तूर्णम् જલદી, ઝટપટ

સમાસ : वापीजलानाम् (वापीनाम् जलानि वापीजलानि, तेषाम् । षष्ठी तत्पुरुष) । मणिमेखलानाम् (मणीनाम् मेखलाः मणिमेखलाः, तेषाम् । षष्ठी तत्पुरुष) । आम्रद्रुमाणाम् (आम्रस्य द्रुमाः आम्रद्रुमाः, तेषाम् । षष्ठी तत्पुरुष) । कुसुमानतानाम् (कुसुमैः आनताः कुसुमानताः, तेषाम् । तृतीया तत्पुरुष) । लाक्षारसरञ्जितानि (लाक्षायाः रसः लाक्षारसः, षष्ठी तत्पुरुष, लाक्षारसेन रंजितानि लाक्षारसरंजितानि, तृतीया तत्पुरुष) । कर्णिकारकुसुमैः (कर्णिकारस्य कुसुमानि कर्णिकारकुसुमानि, तैः । षष्ठी तत्पुरुष) । सुवदनानिहितम् (सुवदनासु निहितम् । सप्तमी तत्पुरुष)

વિશેષ

(1) शब्दार्थ : सपुष्पाः ફૂલો સાથેનાં **सपद्मम्** કમળોવાળું **सकामाः** કામનાવાળી, પ્રેમભરી **वापीजलानाम्** વાવડીઓનાં પાણીનું **मणिमेखलानाम्** મણિઓના કંદોરાવાળી **शशाङ्कभासाम्** ચંદ્ર જેવી કાન્તિવાળી **कुसुमानतानाम्** ફૂલોથી નમેલાં, મોરથી ઝૂકી રહેલાં **ददाति** આપે છે. **नवकर्णिकारम्** તાજું કરેણનું ફૂલ **अलकेषु** વાળમાં **कान्तिं प्रयान्ति** શોભા પ્રાપ્ત કરે છે. સુંદરતા પામે છે. **वासांसि** વસ્ત્રો **विहाय** (वि + हा + त्वा > य) છોડી દઈને **तनूनि** પાતળાં, ઝીણાં **सुगन्धि-कालागुरु-धूपितानि** સુગંધીદાર કાળા અગરૂના ધૂપવાળાં **धत्ते** ધારણ કરે છે. **काम-मद-अलस-अङ्गः** પ્રેમના આવેગથી આળસુ શરીરવાળો **शुक-मुखच्छविभिः वचोभिः** પોપટની ચાંચ જેવી કાંતિવાળાં વચનોથી, ટહુકાઓથી **सुवदना-निहितम्** સુંદર મુખવાળી સ્ત્રીઓમાં રહેલાને **निहन्ति** હણે છે. મારે છે. **यूनाम्** યુવાનોનાં

(2) सन्धि : पुनरयम् (पुनः अयम्) । दिवसश्च (दिवसः च) । शुकमुखच्छविभिर्न (शुकमुखछविभिः न) । (कर्णिकारकुसुमैर्न, मधुरैर्वचोभिः જેવા શબ્દોમાં પણ આવી જ સન્ધિ છે.)

સ્વાધ્યાય

1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चित्वा लिखत ।

(1) वसन्ते पवनः कीदृशो भवति ?

(ક) सुगन्धिः (ખ) कठोरः (ગ) मृदुः (ઘ) उष्णः

(2) कः मधुरैः वचोभिः मनः निहन्ति ?

(ક) मयूरः (ખ) वायसः (ગ) कोकिलः (ઘ) चटकः

(3) रेखाङ्कितपदस्य समासनाम लिखत । - वापीजलानां सौभाग्यं ददाति ।

(ક) तत्पुरुषः (ખ) षष्ठीतत्पुरुषः (ગ) द्वन्द्वः (ઘ) इतरेतरद्वन्द्वः

(4) 'पद्म' शब्दस्य अर्थः कः ?

(ક) કમળ (ખ) પગ (ગ) પાદુકા (ઘ) પાક

(5) 'वदनम्' शब्दस्य पर्यायशब्दं चित्वा लिखत ।

(ક) वादः (ખ) मुखम् (ગ) वादनम् (ઘ) वाद्यम्

2. अधोलिखितानां प्रश्नानां संस्कृतभाषया उत्तराणि लिखत ।

(1) वसन्तः सौभाग्यं कस्मै ददाति ?

(2) अलकाः कीदृशाः सन्ति ?

(3) लाक्षारसरञ्जितानि वासांसि कीदृशानि सन्ति ?

(4) यूनां मनः कः हन्ति ?

3. मातृभाषायाम् उत्तराणि लिखत ।

(1) વસન્તઋતુ કોને કોને શું શું આપે છે ?

(2) કાવ્યને આધારે 'વસન્તઋતુ' વિશે પાંચ વાક્યો લખો.

4. क-विभागं ख-विभागेन सह यथार्थरीत्या संयोजयत ।

क	ख
(1) सलिलम्	(1) अलकेषु
(2) प्रदोषाः	(2) विहाय
(3) प्रमदाजनानाम्	(3) तनूनि वासांसि
(4) गुरूणि वासांसि	(4) सपद्मम्
(5) जनः धत्ते	(5) सुखाः
	(6) पवनः

प्रवृत्ति

- संस्कृतसाहित्यमां अन्यत्र मळतां वसन्तऋतुनां वर्णनोने एकत्र करो अने तेमां आलेखेलां शब्दचित्रोने उपसावो.